# સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઇનોવેશન પોલિસી
# ગુજરાત રાજ્ય
# (SSIP ૨.૦)

## શિક્ષણ વિભાગ
## ગુજરાત સરકાર

૨૦૨૨-૨૦૨૭

આઝાદીનો અમૃત મહોત્સવ

सत्यमेव जयते

ibrant GUJARAT 10-12 Jan 2022 10th Global Summit
From Aatmanirbhar Gujarat to Aatmanirbhar Bharat

# સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઇનોવેશન પોલિસી
# ગુજરાત રાજ્ય
# (SSIP ૨.૦)

## શિક્ષણ વિભાગ
## ગુજરાત સરકાર

૨૦૨૨-૨૦૨૭



*"Innovation no longer remains a choice but has become an imperative."*

*"Start-ups are the engines of exponential growth, manifesting the power of innovation. Several big companies today are Start-ups of yesterday. They were born with a spirit of enterprise and adventure kept alive due to hard work and perseverance and today have become shining beacons of innovation."*

**શ્રી નરેન્દ્ર મોદી**

માન. વડાપ્રધાનશ્રી

सत्यमेव जयते

# ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી, ગુજરાત



## સંદેશ

વિવિધ ક્ષેત્રે પ્રચંડ વિકાસ સાધવાની સાથે ગુજરાતે રાષ્ટ્રભરમાં વિકાસના કેન્દ્ર તરીકેની નામના હાંસલ કરી છે. ગુજરાતીઓની નસોમાં ઉદ્યોગસાહસિકતા રહેલી હોય છે. નવા સંશોધનકારોના તથા તેમના સાહસો માટે સરકાર સફળ ઉદ્યોગસાહસિક બની શકે તેવું વાતાવરણ પૂરું પાડવા પર ભાર મૂકી રહી છે. રાજયમાં સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ વિકસાવવા માટે સપોર્ટ મિકેનિઝમની સાથે યુનિવર્સિટીઓ, કોલેજો અને આર એન્ડ ડી સંસ્થાઓના અરસપરસના પ્રયાસો મુખ્ય ચાલક રહ્યા છે. એક સર્વગ્રાહી ઈનોવેશન ઈકોસિસ્ટમ ગુજરાતને સમગ્ર દેશમાં ઈનોવેટર્સ અને સ્ટાર્ટ-અપ્સ માટે સાનુકૂળ સ્થળ બનવા તરફ દોરી જશે.

વિદ્યાર્થીઓને વાસ્તવિક દુનિયાના પડકારો રાજ્ય અને રાષ્ટ્રની અપૂર્ણ જરૂરિયાતોને ઉકેલવા પર ધ્યાન કેન્દ્રિત કરીને સમાધાન માટે સક્ષમ બનાવવા શિક્ષણના પ્રારંભિક તબક્કે નવીન માનસિકતા કેળવવી જોઈએ. જ્યારે માર્ગદર્શકો, શિક્ષણવિદો અને ઉદ્યોગ વચ્ચે સહયોગ સુનિશ્ચિત કરવામાં આવશે ત્યારે સમગ્ર રાજયમાં વિદ્યાર્થી સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમનો વિકાસ થશે. હું આશા રાખું છું કે સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ ઍન્ડ ઈનોવેશન પોલિસી (SSIP ૨.૦) સમગ્ર રાજયના યુવાનોને ઉદ્યોગસાહસિકતાના વિકાસને સુનિશ્ચિત કરશે, જે ગુજરાતને આત્મનિર્ભર બનાવવાની દિશામાં એક નક્કર પગલું સાબિત થશે.

(ભૂપેન્દ્ર પટેલ)

सत्यमेव जयते


**જીતુભાઈ વાઘાણી**

મંત્રીશ્રી, શિક્ષણ (પ્રાથમિક,
માધ્યમિક અને પ્રૌઢ), ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ,
વિજ્ઞાન અને ટેકનોલોજી
ગુજરાત સરકાર




## સંદેશ

આપણા વડાપ્રધાન અને માર્ગદર્શક શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન છે કે સ્ટાર્ટઅપ્સ, ટેકનોલોજી અને ઈનોવેશન ભારતના વિકાસ માટે આકર્ષક અને અસરકારક માધ્યમ બને. ગુજરાત આ સ્વપ્નનો ભાગ બનવા પ્રયત્નશીલ છે. જેમાં માનનીય શ્રી અમિતભાઈ શાહના સક્ષમ માર્ગદર્શન અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ઈનોવેશન અને સ્ટાર્ટ-અપની દિશામાં શ્રેષ્ઠ કાર્ય થઈ રહ્યું છે.

વિદ્યાર્થીઓ અને યુવા સંશોધકો માટે વૈશ્વિક સ્તરે નવા ક્ષેત્રો ઉભરી રહ્યાં છે. સરકાર આ ક્ષેત્રોને અનુરૂપ, સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ ઍન્ડ ઇનોવેશન પોલિસી (SSIP), નેશનલ ઇનોવેશન એન્ડ સ્ટાર્ટ-અપ પોલિસી (NISP), અટલ ઇનોવેશન મિશન અને સ્ટાર્ટ-અપ ઈન્ડિયા જેવા સમર્પિત પ્રયાસોને અનુસરી રહી છે.

સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ ઍન્ડ ઇનોવેશન પોલિસી (SSIP ૨.૦) રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના શ્રેષ્ઠ પ્રયાસોનું સંકલન કરીને અને ૨૦૧૭ થી અમલમાં આવેલ SSIP ના ઉત્કૃષ્ટ પરિણામો અને સિદ્ધિઓને ધ્યાનમાં લઈને ઘડવામાં આવી છે. SSIP ૨.૦ ની રચના સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમના લાભાર્થીઓના પ્રતિસાદને ધ્યાનમાં લઈને, વિદ્યાર્થી-કેન્દ્રિત ઇનોવેશન અને સ્ટાર્ટ-અપને આગળ વધારવા માટે કરવામાં આવી છે. આ નીતિ નાના બાળકો, પુખ્ત વિદ્યાર્થીઓ અને વ્યક્તિઓને મદદ કરશે, જેઓ પેટન્ટ મેળવવા અને ત્યારબાદ પ્રૂફ-ઓફ-કન્સેપ્ટ (PoC) અને સ્ટાર્ટ-અપ વિકસાવવામાં ઈનોવેશન પર કામ કરી રહ્યા છે.

આ નીતિ હેઠળ, રાજ્યની તમામ શાળાઓ, સંસ્થાઓ, યુનિવર્સિટીઓ ઇનોવેશન અને સ્ટાર્ટ-અપ કલ્ચરના નિર્માણ માટે લાંબા ગાળાના રોડમેપ વિકસાવશે અને અમલમાં મૂકશે, જે ગુજરાતને દેશમાં ટોચનું પ્રદર્શન કરતું અને પસંદગીનું સ્ટાર્ટ-અપ હબ બનાવશે.

J. S. Vaghani

**(જીતુભાઈ વાઘાણી)**

**ડૉ. કુબેરભાઈ ડીંડોર**

રાજ્યકક્ષાના મંત્રી,
ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ,
વૈધાનિક અને સંસદીય બાબતો,
ગુજરાત સરકાર




## સંદેશ

ગુજરાત રાજ્ય તેની ઉદ્યોગ સાહસિકતા અને ઔદ્યોગિક વિકાસ માટે જાણીતું છે. સમાજની ઘણી વણઉકેલાયેલી સમસ્યાના સમાધાનો આપણને સ્ટાર્ટ-અપ દ્વારા મળી રહ્યા છે. આપણા વિદ્યાર્થીઓ સ્ટાર્ટ-અપ દ્વારા લોકોની વણઉકેલાયેલી સમસ્યાઓનું નિરાકરણ કરી પોતાને અને સમાજને મોટા પ્રમાણમાં મદદ કરી રહ્યા છે. રાજ્યમાં સ્ટાર્ટ-અપ્સની સંખ્યામાં વધારો કરવા માટે મદદરૂપ એવી અલગ અલગ પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. વર્તમાન SSIP એ રાજ્યમાં ઈનોવશન અને સ્ટાર્ટ-અપને વેગ આપેલ છે. અને હવે SSIP ૨.૦ આ સમગ્ર ઈકોસિસ્ટમને સુદ્રઢ અને એકીકૃત કરશે.

ગુજરાત રાજ્યએ સમગ્ર દેશમાં સ્ટાર્ટ-અપ ક્ષેત્રે છેલ્લા બે વર્ષથી પ્રથમ ક્રમ જાળવી રાખેલ છે. આ પોલિસીનો મુખ્ય હેતુ રાષ્ટ્રીયસ્તરે સ્ટાર્ટ-અપ ક્ષેત્રે ગુજરાતના નેતૃત્વને ઉચ્ચતમ સ્તરે લઈ જઈને જાળવી રાખવાનો છે.

આ નવીન નીતિને ખૂબ સફળતા મળે તેવી શુભેચ્છા પાઠવું છું.

(ડૉ. કુબેરભાઈ ડીંડોર)

सत्यमेव जयते

**પંકજ કુમાર**
મુખ્ય સચિવ,
ગુજરાત સરકાર



## સંદેશ

કોઈપણ દેશ અને તેની અર્થવ્યવસ્થાના વિકાસમાં ઇનોવેશન એ આવશ્યક પ્રેરક બળ છે. સર્વ સમાવિષ્ટ ઇનોવેશન અને સ્ટાર્ટ-અપ્સ સમાજના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સમાજ જીવનની ગુણવત્તા સુધારવા માટે નવી ઉભરતી ટેકનોલોજીનો લાભ લઈને નવીન કાર્ય પધ્ધતિના ઉપયોગ થકી વ્યાપક પ્રભાવની અપાર શક્યતાઓ છે.

સમગ્ર રાષ્ટ્રમાં, વિદ્યાર્થીઓના ઇનોવેશન અને સ્ટાર્ટ-અપ્સ પર ધ્યાન કેન્દ્રિત કરી પ્રગતિશીલ નીતિ બનાવવામાં શિક્ષણ વિભાગ ગુજરાત સરકારની મહત્વની ભૂમિકા રહી છે. આ નીતિએ સમગ્ર શિક્ષણ ક્ષેત્રે સંશોધકો માટે તેમની સાચી ક્ષમતાને સાકાર કરવા માટે એક સુલભ પ્લેટફોર્મ આપ્યું છે. આ નીતિના પ્રયાસો અને અસરને રાષ્ટ્રીય સ્તરે ખૂબ જ સ્વીકૃતિ મળી છે, જેમાં DPIIT દ્વારા ગુજરાતને ટોચનું પ્રદર્શન કરનાર રાજ્ય તરીકે ઓળખવામાં આવ્યું છે.

હું સમગ્ર રાજ્યમાં SSIP ૨.૦ ના અમલીકરણ માટે મારી શુભેચ્છાઓ પાઠવું છું. મને આશા છે કે આ નીતિ ઇનોવેશન અને સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપવામાં મુખ્ય ભૂમિકા ભજવશે.

(પંકજ કુમાર)

# પ્રસ્તાવના

ઈનોવેશન અને ઉદ્યોગસાહસિકતાને રાષ્ટ્રની સમૃદ્ધિ અને વિકાસના બે આવશ્યક પ્રેરકબળો તરીકે જોવામાં આવે છે. સરકારે સ્ટાર્ટ-અપ ઈન્ડીયા, અટલ ઇનોવેશન મિશન, નેશનલ ઇનોવેશન એન્ડ સ્ટાર્ટ-અપ પોલિસી જેવી વિવિધ પહેલો રજૂ કરીને યુવાનોમાં ઇનોવેશન અને ઉદ્યોગસાહસિકતાની સંસ્કૃતિને સ્થાપિત કરવા માટે સમર્પિત પ્રયાસો કર્યા છે.

સ્વતંત્રતાના ૭૫માં વર્ષમાં જ્યારે ભારત 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણી કરી રહ્યું છે, ત્યારે માનનીય વડાપ્રધાનશ્રીના 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નને સાકાર કરવા માટે ગુજરાત રાજ્ય પ્રતિબદ્ધ છે. સાંસ્કૃતિક રીતે ઉદ્યોગસાહસિકતાની ભાવનાથી સંપન્ન ગુજરાત સક્રિય રીતે સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP)નું સિંચન કરી રહ્યું છે.

તેના પ્રથમ તબક્કામાં, SSIP એ સહાયક તંત્રવ્યવસ્થાને સંસ્થાગત કરવાની સાથોસાથ અને સમગ્ર ઉચ્ચ અને ટેકનિકલ શૈક્ષણિક સંસ્થાઓમાં ઈન્ક્યુબેશનની તકો ઊભી કરીને ઈનોવેશન અને ઉદ્યોગસાહસિકતાની ભાવનાનો વિકાસ થાય તે માટે સહાય આપવા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

જ્યારે SSIP ૨.૦ને અમલમાં મૂકવાની છે ત્યારે પોલિસીના વિસ્તરણથી દરેક વયજુથના, વિદ્યાશાખા અને ક્ષેત્રના વિદ્યાર્થીઓને પોલિસીના લાભ મળે અને સ્ટાર્ટ-અપ ક્ષેત્ર વધુ સુદ્રઢ થાય તેવો ઉદ્દેશ છે.

આ પોલિસીમાં સર્વગ્રાહી સામાજિક-આર્થિક વિકાસ, વિકસતા ક્ષેત્રોને પ્રોત્સાહન આપવું, સમાજના વિશાળ વર્ગ દ્વારા જેનો સામનો કરવામાં આવી રહ્યો છે તેવા વિવિધ પડકારોનું ઈનોવેશન દ્વારા અસરકારક સમાધાન પર ખાસ ભાર મુકવામાં આવેલ છે.

SSIP ૨.૦ એ રાજ્યમાં ઇનોવેશન અને સ્ટાર્ટ-અપ સંસ્કૃતિને વધુ મજબૂત અને પ્રોત્સાહિત કરવાની સરકારની પ્રતિબદ્ધતાની અભિવ્યક્તિ છે. SSIP ફોર્મ્યુલેસન કમિટી, ગુજરાત નોલેજ સોસાયટી, નોલેજ કન્સોરટિયમ ઓફ ગુજરાત અને શિક્ષણ વિભાગના અન્ય અધિકારીઓના પ્રયત્નોને બિરદાવવામાં આવે છે. અંતમાં પણ ઘણું અગત્યનું એવું, અમે ભારત સરકાર અને રાજ્ય સરકારના તેમના અવિરત માર્ગદર્શન અને સમર્થન માટે ખરેખર ઋણી છીએ, જેના વગર SSIP ૨.૦ શક્ય બની ના હોત.

ગાંધીનગર
૦૫/૦૧/૨૦૨૨

એસ. જે. હૈદર, આઈ.એ.એસ.
અગ્ર સચિવશ્રી
શિક્ષણ વિભાગ,
ગુજરાત સરકાર

# અનુક્રમણિકા


પ્રસ્તાવના ........ ૯

આમુખ........ ૧૩

૧. સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP ૨.૦) ........ ૧૫

૧.૧ વિઝન ........ ૧૫

૧.૨ મિશન ........ ૧૫

૧.૩ ધ્યેય અને ઉદ્દેશ્યો ........ ૧૬

૧.૪ વ્યૂહરચના ........ ૧૬

૧.૫ પોલિસીનો સમયગાળો ........ ૧૭

૧.૬ શૈક્ષણિક સંસ્થાઓ માટે પાત્રતા માપદંડ ........ ૧૭

૧.૭ વ્યક્તિગત લાભાર્થીઓ માટે પાત્રતા માપદંડ ........ ૧૮

૨. વ્યાખ્યાઓ ........ ૧૮

૩. સંસ્થાગત તંત્રવ્યવસ્થા અને પોલિસીનું અમલીકરણ ........ ૨૧

૪. મધ્યસ્થતા (ઇન્ટરવેન્સન) અને ભૂમિકા ........ ૨૨

૪.૧ મધ્યસ્થતા (ઇન્ટરવેન્સન) ........ ૨૨

૪.૧.૧ રાજ્ય સ્તરીય ........ ૨૨

૪.૧.૨ શૈક્ષણિક સંસ્થાઓ ........ ૨૩

૪.૨ ભૂમિકાઓ ........ ૨૪

૪.૨.૧ પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ........ ૨૪

૪.૨.૨ વ્યક્તિગત લાભાર્થીઓ ........ ૨૬

૫. નાણાકીય સહાય માળખું ........ ૨૬

૫.૧ શૈક્ષણિક સંસ્થાઓને સહાય ........ ૨૭

૫.૨ વ્યક્તિગત લાભાર્થીઓને સહાય ........ ૨૮

૬. બૌદ્ધિક સંપદા અધિકાર (IPR) સહાય........ ૨૮

૭. દખરેખ નિયંત્રણ અને મૂલ્યાંકન ........ ૨૯

૮. અર્થઘટન અને અસ્પષ્ટતા ઠરાવ ........ ૩૦

સંક્ષેપાક્ષર ........ ૩૧

ગ્રંથસૂચિ ........ ૩૨

# આમુખ

ભારતમાં સ્ટાર્ટ-અપ કલ્ચર એ સતત વધતી જતી ઘટના છે,જે વૃદ્ધિ અને રોજગાર ક્ષમતાના એન્જિન તરીકે વ્યાપક માન્યતા પ્રાપ્ત કરી રહી છે. ઇનોવેશન અને સ્કેલેબલ ટેકનોલોજી દ્વારા, સ્ટાર્ટ-અપ્સમાં પ્રભાવશાળી ઉકેલો ઉત્પન્ન કરવાની ક્ષમતા હોય છે અને આ રીતે સામાજિક-આર્થિક વિકાસના વાહક તરીકે કામ કરે છે જેથી માનવ જીવનમાં પરિવર્તન આવે. જો કે, સ્ટાર્ટ-અપ કલ્ચર અને આર્થિક વૃદ્ધિ માટે સાનુકૂળ વાતાવરણ કેળવવા માટે, સમાજના તમામ સ્તરોમાં પ્રસારિત થતા સમગ્ર રાષ્ટ્રમાં ઇનોવેશનની નીતિને ચલાવવી અને તેનું પાલન કરવું આવશ્યક છે. વાસ્તવમાં, તેના શરૂઆતના દિવસોથી, ભારતે ઇનોવેશન અને સુધારણાને મહત્વ આપ્યું છે. ભારતનું બંધારણ, તેની મૂળભૂત ફરજો હેઠળ, કલમ ૫૧ A (h) માં વૈજ્ઞાનિક સ્વભાવ, માનવતાવાદ અને તપાસ અને સુધારાની ભાવના વિકસાવવાનું જણાવે છે; અને (j) વ્યક્તિગત અને સામૂહિક પ્રવૃત્તિના તમામ ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા તરફ પ્રયત્ન કરવા જેથી રાષ્ટ્ર સતત પ્રયત્નો અને સિદ્ધિઓના ઉચ્ચ સ્તરે પહોંચે.

એક રાષ્ટ્ર તરીકે, ભારતને વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતી સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમ્સમાંની એક તરીકે ઓળખવામાં આવી છે અને સમગ્ર વિશ્વમાં ત્રીજા સૌથી મોટા સ્ટાર્ટ-અપ હબ તરીકે ઉભરી રહ્યું છે. ભારત સરકારે છેલ્લા એક દાયકામાં દરેક નાગરિકની સર્જનાત્મક ક્ષમતાને બહાર કાઢવા અને સમાજના દરેક વર્ગમાં ઇનોવેશન અને સાહસિકતાની ભાવના કેળવવાનો ભગીરથ પ્રયાસ કર્યો છે. ભારત સરકારે અટલ ઈનોવેશન મિશન (AIM), સ્ટાર્ટ-અપ ઈન્ડિયા, સ્ટેન્ડ-અપ ઈન્ડિયા જેવી અનેક પહેલો શરૂ કરી છે, જે દેશના યુવાનો અને શૈક્ષણિક સંસ્થાઓને સશક્ત બનાવવા તરફ નિર્દેશિત છે. આ ધ્યેયને વધુ મજબૂત કરવા માટે, ભારત સરકારે હવે ઇનોવેશન, વ્યૂહરચના, અમલીકરણ અને માર્કેટ સ્કેલિંગ વચ્ચે વ્યવસ્થિત જોડાણ વિકસાવીને સમગ્ર દેશમાં સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમને સંસ્થાકીય બનાવવા પર તેનું પ્રાથમિક ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ દિશામાં, ભારત સરકારે નેશનલ ઈનોવેશન એન્ડ સ્ટાર્ટ-અપ પોલિસી ૨૦૧૯ (NISP) શરૂ કરી છે જેનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને યોગ્ય સ્રોત સાથે સશક્તિકરણ કરવાનો છે જે વિચારધારાથી બિઝનેસ ડેવલપમેન્ટ/માર્કેટ એન્ટ્રી વ્યૂહરચના સુધીનો સેતુ સ્થાપિત કરવા માટે જરૂરી છે. નેશનલ એજ્યુકેશન પોલિસી (NEP) ૨૦૨૦ એ ઇનોવેશન અને ઉદ્યોગસાહસિકતા દ્વારા સમગ્ર શૈક્ષણિક ક્ષેત્રના યુવાનોની સર્જનાત્મક ક્ષમતાનો ઉપયોગ કરવા માટે પૂરતો ભાર આપ્યો છે. આવી પહેલનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર રાષ્ટ્રમાં ઇનોવેશનની માનસિકતા અને ઉદ્યોગસાહસિક સંસ્કૃતિને વિકસાવવા અને પ્રોત્સાહન આપવાનો છે.

રાજ્યએ દેશમાં ઈનોવેશન અને સ્ટાર્ટ-અપ ક્ષેત્રમાં અગ્રેસર રહીને વિશેષ માન્યતા મેળવી છે. રાજ્યના શિક્ષણ વિભાગે વિદ્યાર્થીઓ માટે એક અનોખી પોલિસી શરૂ કરી છે જેને સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન પોલિસી (૨૦૧૭-૨૦૨૧) તરીકે ઓળખવામાં આવે છે, જે યુનિવર્સિટીઓ અને સંસ્થાઓમાં વિદ્યાર્થીઓના વિશાળ સમૂહ માટે તેમની ઈનોવેશન અને ઉદ્યોગસાહસિકતાની સંભાવના વિકસાવવા અને તેનું જતન કરવા માટે કાર્ય કરે છે. આ પોલિસી વિદ્યાર્થી-કેન્દ્રિત પરિપ્રેક્ષ્યમાં વિદ્યાર્થી ઈનોવેટર્સને ટેકો આપવા અને વિવિધ સ્ટેકહોલ્ડરને સામેલ કરવા માટે બનાવવામાં આવી હતી.

સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP ૨.૦) નો ઉદ્દેશ્ય સૂર્યોદય ક્ષેત્રો સાથે પરંપરાગત અને નવા યુગની તકનીકમાં ઈનોવેશન અને સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપવાનો છે. ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો ઉત્સર્જનની ભારતની પ્રતિજ્ઞા હાંસલ કરવા માટે સ્વચ્છ અને હરિયાળી ઊર્જા તેમજ કલાઈમેટ ચેન્જમાં ઈનોવેશનને પ્રોત્સાહિત કરવામાં આવશે. સેમી-કન્ડક્ટર, રોબોટિક્સ, ઈલેક્ટ્રિક વાહનો, વેસ્ટ મેનેજમેન્ટ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ, બ્લોકચેન જેવા મહત્વના ક્ષેત્રો પણ કેન્દ્રમાં રહેશે. જો કે, પોલિસીનો ઉદ્દેશ તમામ સેક્ટરના ઈનોવેશન અને સ્ટાર્ટ-અપ્સને ટેકો આપવાનો છે.

રાજ્ય શિક્ષણ વિભાગ પોલિસીને વધુ મજબૂત બનાવી રહ્યું છે અને તેના ક્ષેત્રને વિસ્તૃત કરી રહ્યું છે જેથી એક સ્થિતિસ્થાપક એન્ડ-ટુ-એન્ડ ઈકોસિસ્ટમ વિકસિત થાય. આ પોલિસી ઈનોવેશન, અમલીકરણ, વ્યવસાય વિકાસ અને બજાર પ્રવેશ વચ્ચે પ્રગતિશીલ જોડાણો સ્થાપિત કરે છે. આ પોલિસી સહાયક પદ્ધતિને સંસ્થાકીય બનાવશે જે વિદ્યાર્થીઓને તેમની ઉદ્યોગસાહસિક યાત્રાના દરેક તબક્કામાં ક્રમશઃ સુવિધા આપશે. આ પોલિસી સમગ્ર શૈક્ષણિક ક્ષેત્રના તમામ પ્રવાહોના સમાવેશ પર અને શાળાઓ, સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં વિસ્તરણ પર ભાર મૂકે છે.

# ૧. સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP ૨.૦)

## ૧.૧ વિઝન

સ્ટાર્ટ-અપ અને ઈનોવેશન થકી રાજ્યના યુવાધનનું તેમની સર્જનાત્મક ક્ષમતાને વિકસાવવા માટે સશક્તિકરણ કરવું જેથી કરીને તેઓ આત્મનિર્ભર ગુજરાતની અનુભૂતિ તરફ સાતત્યપૂર્ણ અને સર્વસમાવેશક વિકાસ માટે યોગદાન આપી શકે.

## ૧.૨ મિશન

- સમગ્ર શૈક્ષણિક ક્ષેત્રમાં વિદ્યાર્થી-કેન્દ્રિત ઇનોવેશન અને ઇન્ક્યુબેશન ઇકોસિસ્ટમ બનાવવા.
- શિક્ષણના તમામ સ્તરે : શાળાઓ, સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં ઈનોવેશન અને સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ સ્થાપવી.
- રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં કાર્યાત્મક ઇન્ક્યુબેટરનો વિકાસ કરવો.
- સમગ્ર શિક્ષણમાં ઇનોવેશન અને સ્ટાર્ટ-અપનું સંવર્ધન કરવું અને તેમને ઉદ્યોગ, સમાજ અને રાજ્ય માટે મહત્તમ મૂલ્ય નિર્માણ માટે સક્ષમ કરવા.
- શૈક્ષણિક સંસ્થાઓની આંતરિક ક્ષમતા નિર્માણ કરવી અને માર્ગદર્શન પ્રક્રિયાઓને મજબૂત કરવી.
- બૌદ્ધિક સંપદા સંબંધિત જાગરૂકતા કાર્યક્રમોને પ્રોત્સાહન આપવું તેમજ IP ફાઇલીંગ અને મંજૂરી માટે તંત્રવ્યવસ્થા ઊભી કરવી.
- એક મજબૂત ડિજિટલ પ્લેટફોર્મ બનાવવું જે હિસ્સેદારોને નિરંતર સહાય કરે.
- પૂર્વ નિર્ધારિત કી પર્ફોર્મન્સ ઈન્ડિકેટર્સ (KPIs) નિયત કરીને કામગીરી વિશ્લેષણની એક સંકલિત તંત્રવ્યવસ્થા વિકસાવવી.
- વિદ્યાર્થીઓ, સંશોધકો અને સ્ટાર્ટ-અપ્સને સૂર્યોદય ક્ષેત્રો, પરંપરાગત અને અદ્યતન તકનીકોમાં પ્રોત્સાહિત કરવા.
- શ્રેષ્ઠ પ્રથાઓમાંથી શીખવા અને માઈન્ડ-ટુ-માર્કેટ (એમ ટુ એમ) ની મુસાફરીને સરળ બનાવવા માટેના ભૂતકાળના પ્રયાસોના આધારે વિવિધ કાર્યો અને આદેશો ઘડવા અને અમલમાં મૂકવા.
- ગુજરાત સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમના ઉદ્‌ભવ, સક્રિયકરણ, એકીકરણ અને પરિપક્વતા જેવા વિવિધ તબક્કાઓમાં ઉત્ક્રાંતિનું સંવર્ધન કરવું.

## ૧.૩ ધ્યેય અને ઉદ્દેશ્યો

- રાજ્યની ઓછામાં ઓછી ૧,૦૦૦ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ (HEIs) અને ૧૦,૦૦૦ શાળાઓને આવરી લેતા ૫૦ લાખ વિદ્યાર્થીઓને ઇનોવેશન અને ઉદ્યોગસાહસિકતા માટે આગળ વધારવા અને જાગૃત બનાવવા.
- વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તાવિત ૧૦,૦૦૦ પ્રૂફ-ઓફ-કન્સેપ્ટ્સ ( PoCs /પ્રોટોટાઈપ) ને સહાય.
- ૫,૦૦૦ IP ફાઈલિંગ માટે સહાય.
- રાજ્યમાં ઓછામાં ઓછી ૫૦૦ શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓની ક્ષમતા નિર્માણ કરવી, જેથી લાભાર્થીઓ માટે એક મજબૂત પ્રિ-ઇન્ક્યુબેશન સપોર્ટ સિસ્ટમ ઊભી થાય.
- શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તાવિત ૧,૦૦૦ ઇનોવેશનને સહાય.
- ૧૫૦૦ વિદ્યાર્થી સ્ટાર્ટ-અપ્સની માવજત સાથે હાલના સ્ટાર્ટ-અપ્સને અપસ્કેલ કરવા.
- ૫૦૦ સ્ટાર્ટ-અપ (ભૌતિક અને વર્ચ્યુઅલ) ને ઇન્ક્યુબેટ કરવા.
- સ્ટાર્ટ-અપ સૃજન સીડ સપોર્ટ (રૂ. ૧૦ લાખ સુધી) હેઠળ ૫૦૦ સ્ટાર્ટ-અપને સહાય.

## ૧.૪ વ્યૂહરચના

- એક ઇકોસિસ્ટમ વિકસાવવી જે વિદ્યાર્થીઓને રાજ્યના વસ્તી વિષયક લાભાંશનો ઉપયોગ કરતી વખતે પડકારોને સંભવિત તકોમાં રૂપાંતરિત કરવાની તક આપે.
- શાળા, ઉચ્ચ અને તકનીકી શિક્ષણના તમામ સ્તરના પાત્ર લાભાર્થીઓને સામેલ કરવા.
- શૈક્ષણિક સંસ્થાઓને વિદ્યાર્થીઓ, ફેકલ્ટી સભ્યો અને સ્ટાફ સભ્યોને ઇનોવેશન અને ઉદ્યોગસાહસિકતા સંબંધિત પ્રવૃત્તિઓમાં સક્રિયપણે જોડવામાં સક્ષમ બનાવવી.
- પ્રી-ઈન્ક્યુબેશન, મેન્ટરિંગ, નોલેજ રિસોર્સ પૂલ, સમૂહ સહાય, ખરીદી, ઉદ્યોગ કુશળતા, અને IPR જેવી ઈનોવેશન સંબંધિત તમામ પ્રવૃત્તિઓમાં એન્ડ-ટુ-એન્ડ સહાયક તંત્રવ્યવસ્થા પ્રદાન કરવી.
- સહયોગ, સહ-નિર્માણ, જ્ઞાન આદાન પ્રદાન, સામાજિક ઇનોવેશન અને ઉદ્યોગ સંબંધો માટે ઇકોસિસ્ટમ બનાવવી.
- વધુ સારી વચનબદ્ધતા સાથે નેટવર્કિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર શેરિંગ દ્વારા સહયોગ માટે ગ્રાન્ટીને પ્રોત્સાહિત કરવા.
- વ્યાપક પ્રસાર અને લાંબાગાળાની અસર માટે હબ અને સ્પોક ઇનોવેશન અને સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમ ડેવલપમેન્ટની સ્થાપના.

- રાજ્યના વિકાસના લક્ષ્યાંકો અને લાંબા ગાળાના સમાવેશી વિકાસમાં યોગદાન આપવા માટે પોલિસી દ્વારા સમર્થિત સંશોધનકારો અને સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપવું.
- ગ્રાન્ટીઓ અને લાભાર્થીઓ માટે ઈનોવેશન અને સ્ટાર્ટ-અપ માટે પ્રોત્સાહન-આધારિત પ્રણાલીનો અમલ.

## ૧.૫ પોલિસીનો સમયગાળો

પોલિસીનો સમયગાળો ૧૧ જાન્યુઆરી, ૨૦૨૨ થી ૩૧ માર્ચ, ૨૦૨૭ સુધીનો રહેશે.

## ૧.૬ શૈક્ષણિક સંસ્થાઓ માટે પાત્રતા માપદંડ

પોલિસીનો લાભ લેવા માટે યુનિવર્સિટીઓની પાત્રતા માપદંડ,

ક. ગુજરાતમાં સ્થિત;

ખ. સરકારી યુનિવર્સિટી/ખાનગી યુનિવર્સિટી (ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ મુજબ અને સમયાંતરે થયેલ સુધારાઓ મુજબ); અને

ગ. છેલ્લા કેટલાક વર્ષોમાં ઈનોવેશન અને ઉદ્યોગસાહસિકતા સંબંધિત નક્કર પ્રયાસો દર્શાવ્યા હોય અથવા પોલિસીના લક્ષ્યો પૂર્ણ કરવા માટે મજબૂત પ્રતિબદ્ધતા હોય.

પોલિસીનો લાભ લેવા માટે સંસ્થાઓની પાત્રતા માપદંડ,

ક. ગુજરાતમાં સ્થિત;

ખ. માન્ય યુનિવર્સિટી સાથે જોડાયેલ સરકારી/ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થા/ખાનગી સંસ્થા

ગ. છેલ્લા કેટલાક વર્ષોમાં ઈનોવેશન અને ઉદ્યોગસાહસિકતા સંબંધિત નક્કર પ્રયાસો દર્શાવ્યા હોય અથવા પોલિસીના લક્ષ્યો પૂર્ણ કરવા માટે મજબૂત પ્રતિબદ્ધતા હોય.

પોલિસીનો લાભ લેવા માટે શાળાઓની પાત્રતા માપદંડ,

ક. ગુજરાતમાં સ્થિત;

ખ. સરકારી/ગ્રાન્ટ-ઈન-એઈડ/ખાનગી શાળા

પોલિસી ઈમ્પ્લીમેન્ટેશન કમીટી (PIC) દરેક અરજીનું માપદંડ/યોગ્યતાના આધારે મૂલ્યાંકન કરશે અને પોલિસી હેઠળ યોગ્ય ગ્રાન્ટી પસંદ કરવામાં આવશે. માપદંડ/મેરિટમાં સક્રિય વિદ્યાર્થી સહભાગિતા (ASP), છેલ્લાં કેટલાંક વર્ષોમાં હાથ ધરવામાં આવેલી સંશોધન અને ઈનોવેશન સંબંધિત પ્રવૃત્તિઓ, એકસન પ્લાન અને બજેટ પ્લાન અને PIC દ્વારા નક્કી કરાયેલા અન્ય પરિમાણોનો સમાવેશ થશે.

### ૧.૭ વ્યક્તિગત લાભાર્થીઓ માટે પાત્રતા માપદંડ

૩૫ વર્ષની ઉંમર સુધીની કોઈપણ વ્યક્તિ, જે-

ક. ફાઉન્ડેશનલ /પ્રાથમિક / મધ્ય / સેકન્ડરી લેવલના શાળાના વિદ્યાર્થી/વિદ્યાર્થિની (ધોરણ ૧૨ સુધી ) હોય.

ખ. ડિપ્લોમા / વ્યાવસાયિક / સ્નાતક / અનુસ્નાતક / ડોક્ટરલ વિદ્યાર્થી/વિદ્યાર્થિની અથવા ભૂતપૂર્વ વિદ્યાર્થી / વિદ્યાર્થિની હોય.

ગ. શાળા / કૉલેજ / યુનિવર્સિટીમાંથી કોઈપણ ડ્રોપઆઉટ હોય.

લાભાર્થીના ઇનોવેશને હાલના અથવા નવા ક્ષેત્રોમાં કોઈપણ ઉત્પાદન પ્રક્રિયા અથવા સેવાના વિકાસ કે સુધારણામાં ફાળો આપવો જોઈએ; અથવા રોજગાર કે સંપત્તિનું સર્જન કરવાની ક્ષમતા ધરાવતું સ્કેલેબલ બિઝનેસ મોડલ હોવું જોઈએ.

## ૨. વ્યાખ્યાઓ

**એક્સિલરેટર્સઃ** સ્ટાર્ટ-અપ એક્સિલરેટર્સ બેચમાં પ્રોગ્રામ્સ ડિઝાઈન કરે છે અને માર્ગદર્શકો અને અન્ય ઉપલબ્ધ સંસાધનોના માર્ગદર્શન હેઠળ આશાસ્પદ વ્યવસાયિક વિચારોને વાસ્તવિકતામાં પરિવર્તિત કરે છે. સામાન્ય રીતે પ્રવેગક માર્ગદર્શકતા, ટેકનોલોજીની ઍક્સેસ, ઓફિસ સ્પેસ અને નવીન સમુદાયને ઝડપી વૃદ્ધિ માટે પ્રમાણમાં ટૂંકી સમયરેખામાં ઍક્સેસ પ્રદાન કરે છે.

**અટલ ઈનોવેશન મિશન (AIM) :** અટલ ઈનોવેશન મિશન (AIM) એ ઇનોવેશન અને ઉદ્યોગસાહસિકતાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો ભારત સરકારનો પ્રયાસ છે. તેનો ઉદ્દેશ્ય વિશ્વ-કક્ષાના ઇનોવેશન હબ, ગ્રાન્ડ ચેલેન્જીસ, સ્ટાર્ટ-અપ બિઝનેસ અને અન્ય સ્વ-રોજગાર પ્રવૃત્તિઓ, ખાસ કરીને ટેકનોલોજી આધારિત વિસ્તારોમાં પ્રમોશન માટે એક પ્લેટફોર્મ તરીકે સેવા આપવાનો છે. AIM ની સ્થાપના નીતિ આયોગ હેઠળ કરવામાં આવી છે.

**એન્જલ ઇન્વેસ્ટર્સઃ** એન્જલ ઇન્વેસ્ટર એવી વ્યક્તિ છે જે પ્રારંભિક તબક્કામાં કંપનીના ઇક્વિટીના પ્રમાણના બદલામાં તેની વ્યક્તિગત મૂડીનું રોકાણ કરે છે.

**લાભાર્થીઃ** લાભાર્થી એ કોઈપણ યુવાન પુખ્ત વયના (૩૫ વર્ષની ઉંમર સુધીની) છે જે પોલિસી હેઠળ લાભો અને અનુદાન મેળવે છે.

**શૈક્ષણિક સંસ્થાઃ** સરકારી / ગ્રાન્ટ-ઇન-એઇડ / સેલ્ફ ફાઇનન્સ શાળાઓ, સરકારી / ગ્રાન્ટ-ઇન-એઇડ / સેલ્ફ ફાઇનાન્સ કોલેજ (માન્ય યુનિવર્સિટી સાથે સંલગ્ન), અને રાજ્યની સરકારી / ગ્રાન્ટ-ઇન-એઇડ / સેલ્ફ ફાઇનાન્સ યુનિવર્સિટી.

**ગ્રાન્ટીઃ** કોઈપણ શૈક્ષણિક સંસ્થા કે જે પોલિસી હેઠળ ભંડોળ મેળવે છે.

**હેકાથોનઃ** હેકાથોન શબ્દ એ હેકર અને મેરેથોન શબ્દોનો મિશ્રણ છે, જેની ઓળખ સહનશીલતા છે. ઈવેન્ટમાં સમાજ, ઉદ્યોગ, સરકાર, સ્થાનિક સંસ્થાઓ અને વ્યૂહાત્મક/રાષ્ટ્રીય હિતની સમસ્યાઓના ઉકેલો, અલ્ગોરિધમ્સ અને એપ્લિકેશન ડેવલપમેન્ટ કરવા માટે સ્પર્ધાત્મક પ્રોગ્રામિંગનો સમાવેશ થાય છે.

**ઈન્ક્યુબેટરઃ** ઇન્ક્યુબેટર એ એક સંસ્થા છે જે વ્યવસાયિક સહાય, સંસાધનો, માર્ગદર્શકતા, નેટવર્કિંગ અને અન્ય સામાન્ય સેવાઓ જેમ કે ભૌતિક જગ્યા, મૂડી અને કોચિંગ દ્વારા સ્ટાર્ટ-અપના વિકાસને વેગ આપવા માટે સ્થાપિત કરવામાં આવી છે.

**ઈન્ડસ્ટ્રી ૪.૦ઃ** ઇન્ડસ્ટ્રી ૪.૦ એ ચોથી ઔદ્યોગિક ક્રાંતિ છે, જેમાં આધુનિક સ્માર્ટ ટેકનોલોજીનો ઉપયોગ કરીને પરંપરાગત ઉત્પાદન અને ઔદ્યોગિક કાર્યપ્રણાલીનું ઓટોમેશન કરવામાં આવે છે.

**ઈનોવેશનઃ** ઇનોવેશનનો અર્થ વસ્તુઓ, માલનું ઉત્પાદન કરવાની અથવા સેવાઓ પૂરી પાડવાની રીતોમાં નોંધપાત્ર સુધારો કરવો. તેમાં હાલના સંસાધનનો નવો ઉપયોગ અથવા નવી પદ્ધતિઓ અથવા નવા સાધનો/સામગ્રી દ્વારા હાલના માલ અથવા સેવાઓનું ઉત્પાદન અથવા વિતરણ સામેલ હોઈ શકે છે.

**બૌદ્ધિક સંપદા (IP) :** અહીં વપરાતા શબ્દ "બૌદ્ધિક સંપદા"નો વ્યાપક અર્થ સર્જકના બૌદ્ધિક પ્રયત્નોમાંથી પેદા થયેલી કોઈપણ મિલકત, જેમાં માલિકી હક હોય અથવા અધિનિયમ દ્વારા સુરક્ષિત હોય.

**બૌદ્ધિક સંપદા અધિકાર (IPR) :** બૌદ્ધિક સંપદા અધિકારો (IPR) એ વ્યક્તિઓને તેમના મનની રચનાઓ પર આપવામાં આવેલા અધિકારો છે. તેઓ સામાન્ય રીતે નિર્માતાને ચોક્કસ સમયગાળા માટે તેની/તેણીની રચનાના ઉપયોગ પર એક વિશિષ્ટ અધિકાર આપે છે.

**મિનીમમ વાયેબલ પ્રોડક્ટ (MVP):** મિનીમમ વાયેબલ પ્રોડક્ટ (MVP) એ પ્રોડક્ટની આવૃતિ છે. જેમાં શરૂઆતના વપરાશકર્તાઓ/ગ્રાહકો દ્વારા ઉપયોગ કરી શકાય તે માટે પૂરતી સુવિધાઓ/ કાર્યક્ષમતા હોય છે જે પછી ભવિષ્યના ઉત્પાદન વિકાસ માટે પ્રતિસાદ આપી શકે છે.

**પ્રી-ઈન્ક્યુબેશન:** પ્રિ-ઈન્ક્યુબેશન ઈનોવેશન અને સ્ટાર્ટ-અપ વેલ્યુ ચેઈન માટે પ્રારંભિક તબક્કાની સપોર્ટ સિસ્ટમ્સ બનાવે છે જેમાં સર્જનાત્મક વિચારોને ટ્રિગર કરવા માટે સક્ષમ વાતાવરણનો સમાવેશ થાય છે. કન્સેપ્ટ્યુલાઈઝેશન સ્ટેજ પર વિચારોનું સિંચન કરવું. વિચારોને ચકાસવા અને તેના પ્રારંભિક વપરાશકર્તાઓને માન્ય કરવા માટે મૂળભૂત સુવિધાનો વિસ્તાર કરવો, ઈનોવેશન ઉદ્યોગસાહસના તબક્કા સુધી પહોંચે તે પહેલાં મૂળભૂત કાર્યકારી માળખાકીય સુવિધાઓ આપવી.

**પ્રૂફઓફ કન્સેપ્ટ (PoC):** પ્રૂફ ઓફ કન્સેપ્ટ એ એવો તબક્કો છે જ્યાં ઈનોવેટર / સ્ટાર્ટ-અપ તેમના વિચાર/ પૂર્તિકલ્પના/ ઈનોવેશનની મૂળભૂત કામગીરી દર્શાવે છે.

**પ્રોટોટાઈપ:** પ્રોટોટાઈપ એ પૂર્વ-ઉત્પાદન/ પ્રી-લોન્ચ સ્ટેજ છે જ્યાં ઈનોવેટર/સ્ટાર્ટ-અપ ટીમે અંતિમ ઉત્પાદનમાં ઈચ્છિત મોટા ભાગની મુખ્ય લાક્ષણિકતાઓ સાથે મૂળભૂત લઘુત્તમ વ્યવહારુ ઉત્પાદન (MVP) વિકસાવ્યું છે.

**સ્ટાર્ટ-અપ:** સ્ટાર્ટ-અપ એ એક એવું અસ્તિત્વ છે જે પ્રોડક્ટ ઈનોવેશન અથવા સર્વિસ ઈનોવેશન પર આધારિત બિઝનેસ મોડલ વિકસાવે છે અને તેને ધોરણસરનું અને પ્રતિકૃતિ બનાવી શકાય તેવું બનાવે છે જેથી કરીને સ્વનિર્ભર બની શકાય. સ્ટાર્ટ-અપ એ એવું અસ્તિત્વ પણ હોઈ શકે છે જે G.S.R 180 (E) અને સુધારામાં ઉલ્લેખિત ૧૭.૦૨.૨૦૧૬ ના નોટિફિકેશન, ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) ની જરૂરિયાતોને સંતોષે છે.

**ટિંકરિંગ લેબ/ફેબ લેબ/મેકર્સ લેબ:** ટિંકરિંગ લેબ/ફેબ લેબ એ એક પ્રાયોગિક સંશોધન અને વિશેષતાનું સંયોજન છે, જ્યાં વિદ્યાર્થીઓ ઉભરતી/ અદ્યતન તકનીક સાથે ટિંકર કરી શકે છે અને નવા ઉત્પાદનો/પ્રોટોટાઈપ્સનું નિર્માણ કરી શકે છે.

**વર્ષ:** વર્ષ એક નાણાકીય વર્ષ છે.

## ૩. સંસ્થાગત તંત્રવ્યવસ્થા અને પોલિસીનું અમલીકરણ

સ્ટેટ-લેવલ એપેક્ષ કમીટી (SLAC) પોલિસીના એકંદર અમલીકરણ અને સંકલિત કરવા અર્થે માર્ગદર્શન આપવા માટે જવાબદાર રહેશે. SLAC માં નીચેના સભ્યોનો સમાવેશ થશે

| | | |
|---|---|---|
| ૧ | માનનીય શિક્ષણ મંત્રીશ્રી | અધ્યક્ષ |
| ૨ | માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી - ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ | સહ-અધ્યક્ષ |
| ૩ | માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી - પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ | સહ-અધ્યક્ષ |
| ૪ | એ.સી.એસ./પી.એસ./સચિવ, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ | ઉપાધ્યક્ષ |
| ૫ | એ.સી.એસ./પી.એસ./સચિવ, ઉદ્યોગ અને ખાણ | સભ્ય |
| ૬ | સચિવ, નાણા (ખર્ચ) | સભ્ય |
| ૭ | એ.સી.એસ./પી.એસ./સચિવ, વિજ્ઞાન અને ટેકનોલૉજી | સભ્ય |
| ૮ | એ.સી.એસ./પી.એસ./સચિવ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ | સભ્ય |
| ૯ | કમિશ્નર/નિયામક, ટેકનિકલ શિક્ષણ | સભ્ય સચિવ |
| ૧૦ | કમિશ્નર/નિયામક,ઉચ્ચ શિક્ષણ | સભ્ય |
| ૧૧ | શાળાઓના કમિશ્નર | સભ્ય |
| ૧૨ | સરકારી યુનિવર્સિટી અને ખાનગી યુનિવર્સિટીમાંથી બે-બે કુલપતિ | આમંત્રિત સભ્યો |
| ૧૩ | અધ્યક્ષ, AICTE | સભ્ય |
| ૧૪ | મિશન ડિરેક્ટર, અટલ ઇનોવેશન મિશન | સભ્ય |
| ૧૫ | ત્રણ સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમ પ્રતિનિધિઓ | આમંત્રિત સભ્યો |

પોલિસી ઈમ્પ્લીમેન્ટેશન કમીટી (PIC) પોલિસીના અમલીકરણ માટે જવાબદાર રહેશે અને તેમાં નીચેના સભ્યોનો સમાવેશ થશે:

| | | |
|---|---|---|
| ૧ | એ.સી.એસ./પી.એસ./સચિવ, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ | અધ્યક્ષ |
| ૨ | એ.સી.એસ./પી.એસ./સચિવ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ | સભ્ય |
| ૩ | એ.સી.એસ./પી.એસ./સચિવ, વિજ્ઞાન અને ટેકનોલોજી અથવા પ્રતિનિધિ | સભ્ય |
| ૪ | સચિવ. નાણા (ખર્ચ) અથવા પ્રતિનિધિ | સભ્ય |
| ૫ | કમિશ્નર/નિયામક, ટેકનિકલ શિક્ષણ | સભ્ય સચિવ |
| ૬ | કમિશ્નર/નિયામક, ઉચ્ચ શિક્ષણ | સભ્ય |
| ૭ | શાળાઓના કમિશ્નર | સભ્ય |
| ૮ | સરકારી યુનિવર્સિટી અને ખાનગી યુનિવર્સિટીમાંથી એક-એક કુલપતિ | આમંત્રિત સભ્યો |
| ૯ | ત્રણ સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ પ્રતિનિધિઓ | આમંત્રિત સભ્યો |

ગુજરાત નોલેજ સોસાયટી (GKS) પોલિસી માટે નોડલ એજન્સી અને સ્ટેટ-PMU હશે. SLAC અને PIC સ્ટેટ-PMU અને અન્ય PMU ને પોલિસીના લક્ષ્યો અને ઉદ્દેશ્યોની પ્રાપ્તિ માટે નિર્દેશિત કરશે.




## ૪. મધ્યસ્થતા (ઈન્ટરવેન્સન) અને ભૂમિકા

પોલિસી મુજબ, વ્યાપક ઈનોવેશન ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવા માટે વિવિધ હિસ્સેદારોના સ્તરે મુખ્ય કાર્ય રહેશે.

### ૪.૧ મધ્યસ્થતા (ઈન્ટરવેન્સન)

#### ૪.૧.૧ રાજ્ય સ્તરીય

- રાજ્ય સ્તરીય સમિતિઓ અને સ્ટેટ-PMU પાયાના સ્તરે પોલિસી ચલાવવા અને અમલ કરવા માટે સમર્પિત રહેશે.
- પોલિસી ધ્યેયોના અમલીકરણ માટે PMU ની સ્થાપના.
- પોલિસીના અમલીકરણ માટે કામગીરીલક્ષી માર્ગદર્શક સૂચનાઓ PIC ની મંજૂરી મુજબ જારી કરવામાં આવશે.
- સંબંધિત PMU પોલિસીના સમયગાળા માટે ગ્રાન્ટી સાથે એમઓયુ કરશે.
- IP અને પેટન્ટ સહાય માટે પદ્ધતિસરની તંત્રવ્યવસ્થા.
- રાજ્ય સ્તરીય કાર્યક્રમો, આઉટરીચ અને જાગૃતિ પ્રવૃત્તિઓ અને મોટા પાયે હિસ્સેદારોની ક્ષમતા નિર્માણ.
- એક્સપોઝર માટે કાર્યક્રમો, ત્યાં સુધી પહોંચવાના માર્ગો અને પ્લેટફોર્મની રચના.
- જ્ઞાન સંસાધન પૂલ અને સમૂહ સમુદાયનો વિકાસ

- શૈક્ષણિક અને ઉદ્યોગ માર્ગદર્શકો અથવા ક્ષેત્રના નિષ્ણાતો સાથે માર્ગદર્શક કાર્યક્રમોની રચના.
- વિદ્યાશાખા અને કાર્યક્ષેત્રના માર્ગદર્શકો માટે પ્રોત્સાહન.
- સ્ટાર્ટ-અપ માટે બજાર પ્રવેશ અને જાહેર ખરીદીની સુવિધા.
- ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સહ-નિર્માણ અને સહયોગ સહાય.
- સ્ટુડન્ટ ઈનોવેશન ફંડ (SIF) અને ગ્રાન્ટી મેચિંગ ફંડ (GMF) નું સંચાલન.
- ગ્રાન્ટીને ફંડ રિલીઝ કરવા માટે ડાયરેક્ટ બેનિફિશરી ટ્રાન્સફર (DBT).
- બિન-ગ્રાન્ટી સંસ્થાઓ અને શાળાઓમાંથી સંભવિત સંશોધકો અને સ્ટાર્ટ-અપને નજીકની SSIP ગ્રાન્ટી યુનિવર્સિટી સાથે મેપ કરવામાં આવશે, જેના દ્વારા તેઓ પોલિસીના લાભો મેળવી શકશે.
- ઈનોવેશન ક્લબ દ્વારા પસંદ કરાયેલા લાભાર્થીઓ મેપ કરેલ ગ્રાન્ટી દ્વારા PoC/ પ્રોટોટાઈપ અને/અથવા IP સહાય માટે અરજી કરી શકશે.
- રાજ્ય-સ્તરના ડિજિટલ ઇન્ટરફેસ / ઉદયમ કોજેન્ટ પ્લેટફોર્મ:
  - પોલિસી હેઠળ તમામ ગ્રાન્ટી અને લાભાર્થીઓને યુનિક આઈડેન્ટીફાયર પ્રદાન કરવી.
  - તમામ હિતધારકોમાં પ્રયાસોને એકીકૃત અને સુવ્યવસ્થિત કરવા.
  - વિદ્યાર્થીના વિચારો અને ઇનોવેશનની નોંધણી કરવી તેમજ ઇનોવેટરને સુવિધા આપવી.
  - વાસ્તવિક સમયમાં પ્રક્રિયાઓ અને કી પર્ફોર્મન્સ ઈન્ડિકેટર્સ (KPI) ને માપવા.
  - ઉદ્યોગ નિષ્ણાતોનો સિંગલ-પોઈન્ટ નોલેજ રિસોર્સ પૂલ અને ઇનોવેટર્સ માટે સમૂહ સહાય પ્રદાન કરવી.
  - અન્ય કેન્દ્રીય અને રાજ્ય સ્તરીય યોજનાઓ માટે જોડાણો અને ઍક્સેસ પ્રદાન કરવી.

### ૪.૧.૨ શૈક્ષણિક સંસ્થાઓ

- પ્રિ-ઇક્યુબેશન સુવિધાઓ વિકસાવવા અને વિદ્યાર્થીઓને IP ફાઇલિંગ, PoCs, પ્રોટોટાઇપ વિકસાવવા અને અન્ય ઇનોવેશન સંબંધિત પ્રવૃત્તિઓમાં મદદ કરવા માટે ફાળવવામાં આવેલા ભંડોળનો ઉપયોગ.
- PoC/ પ્રોટોટાઇપ અને IPR દરખાસ્તોની ચકાસણી અને મૂલ્યાંકન કરવા માટે સમિતિઓની રચના.

- જાગરૂકતા, પ્રચાર પ્રસાર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે પદ્ધતિસરની તંત્રવ્યવસ્થા. PoCs/પ્રોટોટાઈપ અને IPR માટે દરખાસ્તોની પસંદગી.
- ૪૫-૬૦ દિવસમાં ગ્રાન્ટનું વિતરણ સુનિશ્ચિત કરવું.
- PoC/પ્રોટોટાઈપ /IPR ની કુલ ગ્રાન્ટ પ્રગતિના આધારે મહત્તમ ૨-૩ હપ્તામાં વિતરિત કરવી.
- અનુદાનના વિતરણ માટે ફેસ-લેસ અને પેપર-લેસ તંત્રવ્યવસ્થા બનાવવા માટે ડિજિટલ ઈન્ટરફેસનો અમલ અને સંચાલન કરવું.
- ઔદ્યોગિક કુશળતા સાથે માર્ગદર્શન કાર્યક્રમને મજબૂત બનાવવો.
- ઈનોવેશન અને સ્ટાર્ટ-અપ માટે રચાયેલ રાજ્ય અને કેન્દ્રીય સ્તરે અન્ય યોજનાઓ અને કાર્યક્રમોનો લાભ લેવો.
- રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે મુખ્ય કાર્યક્રમોનું એક્સપોઝર અને સહભાગિતા.
- મહિલાઓ, દિવ્યાંગો, સીમાંત સમુદાયો દ્વારા કરવામાં આવતા ઇનોવેશન અને સ્ટાર્ટ-અપ તેમજ રાજ્ય તથા રાષ્ટ્રના વિકટ પડકારોનો સામનો કરવાનો પ્રયાસ કરી રહેલા ઈનોવેટરને પ્રોત્સાહન આપવું.
- કોઈપણ શાળા/સંસ્થા/ યુનિવર્સિટીમાંથી ડ્રોપઆઉટ શૈક્ષણિક સંસ્થા સ્તરે પોલિસી લાભાર્થી તરીકે નોંધણી કરીને PoC/પ્રોટોટાઈપ /IPR સહાય મેળવી શકે છે.
- PoC/પ્રોટોટાઈપ/IPR માં વિદ્યાર્થી લાભાર્થીઓની સક્રિય ભાગીદારીની ખાતરી કરવી જેના માટે ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે.

## ૪.૨ ભૂમિકાઓ

### ૪.૨.૧ પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ

- હેકાથોન્સ, ઇનોવેશન બૂટ કેમ્પ, રાજ્ય અને પ્રાદેશિક ઇનોવેશન અને સ્ટાર્ટ-અપ ફેસ્ટિવલ, સ્ટેટ લેવલ ઇનોવેશન અને સ્ટાર્ટ-અપ એવોર્ડ્સ વિગેરે જેવા કાર્યોની મોટા પાયે રાજ્ય સ્તરની પહેલ.
- વિશ્વવિદ્યાલયો, ઇન્ક્યુબેટર્સ, ઇનોવેશન સેન્ટરોની તમામ સપોર્ટ સિસ્ટમો રાજ્ય સ્તરે જોડવામાં આવશે અને સ્ટેટ PMU તેમની સાથે સંકળાયેલા સહયોગ અને સહ-નિર્માણને સંચાલિત કરશે. કોઈપણ ઈનોવેટર/સ્ટાર્ટ-અપ જે ઉપરોક્ત સુવિધાઓનો લાભ લેવા ઈચ્છે છે તેઓ સરળતાથી અને ત્વરિત તેનો ઉપયોગ કરી શકે છે.
- ઉચ્ચ શિક્ષણમાં PMU ઇનોવેશન ક્લબ્સ, હિતધારકોની ક્ષમતા નિર્માણ, કલા, વાણિજ્ય અને વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની ઇનોવેશનની સંભાવનાને ઉપયોગમાં લેવાના ઉદ્દેશ્યથી,

ઈનોવેશનના બેન્ચમાર્કિંગ અને ઉચ્ચ શિક્ષણ હેઠળની યુનિવર્સિટીઓ અને સંસ્થાઓમાં સ્ટાર્ટ-અપ પ્રયાસો જેવી પહેલો પર ધ્યાન આપશે અને ઉચ્ચ શિક્ષણ હેઠળ ગ્રાન્ટ મેળવનારાઓને તેમની ઈનોવેશન અને સ્ટાર્ટ-અપ પ્રયાસોને સંસ્થાકીય બનાવવા માટે મદદ કરશે.

- શાળા શિક્ષણ હેઠળનું PMU રાજ્યમાં શાળાના વિદ્યાર્થીઓની સર્જનાત્મક ક્ષમતાનો ઉપયોગ કરવા માટે રોડમેપ બનાવી તેનો અમલ કરશે. શાળાઓ પ્રયોગશાળા, પ્રક્રિયા અને અધ્યાપન દ્વારા ટિંકર ઈનોવેશન માટે સુવિધાઓ ઊભી કરીને સંશોધકોને પ્રેરિત કરવા પ્રોત્સાહિત કરી શકે છે.

- શાળા શિક્ષણ હેઠળના PMU એ ઇનોવેશન, IP અને ઉદ્યોગસાહસિકતા જેવા ક્ષેત્રોમાં શાળા-શિક્ષકોની મોટા પાયે ક્ષમતા નિર્માણ દ્વારા માઈન્ડસેટ પરિવર્તન, જાગૃતિ અને તાલીમ આપવાની વ્યવસ્થા કરશે. યુવા સંશોધકોના માળખાગત માર્ગદર્શન/ઉછેરની સાથે ઇનોવેશનને સક્ષમ કરવા માટે સોફ્ટ અને હાર્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર રજૂ કરવામાં આવશે.

- શાળાના વિદ્યાર્થીઓમાં ઈનોવેટીવ માઈન્ડસેટ કેળવવા માટે તેમના ઉત્કૃષ્ટ યોગદાન માટે શિક્ષકો, શાળાઓ અને અન્ય હિતધારકોને પુરસ્કારો અને માન્યતા PMU દ્વારા શાળા શિક્ષણ હેઠળ અમલમાં મુકવામાં આવશે. શાળાઓ અને ઇનોવેશન ઈકોસિસ્ટમ સમર્થકો અને પ્રેરકો સાથે સંકળાયેલા સંયુક્ત સાહસોને પ્રોત્સાહન આપવામાં આવશે.

- PMUs રાજ્ય સ્તરે અન્ય યોજનાઓ, R&D સંસ્થાઓ, પરીક્ષણ પ્રયોગશાળાઓ અને કાર્યક્રમોની પદ્ધતિસરની સુવિધા સુનિશ્ચિત કરશે.

- i-Hub PMU તરીકે કામ કરશે જે સ્ટાર્ટ-અપ સાથી (માર્ગદર્શકતા), સ્ટાર્ટ-અપ સક્ષમ (ક્ષમતા નિર્માણ), સ્ટાર્ટ-અપ ક્લિનિક, સ્ટાર્ટ-અપ સ્ક્વેર (ઉદ્યોગ સ્ટાર્ટ-અપ સહભાગિતા), સ્ટાર્ટ-અપ માર્ટ (માર્કેટ પ્લેસ), સ્ટાર્ટ-અપ એંગેજ, સ્ટાર્ટ-અપ સમજ, સ્ટાર્ટ-અપ ગ્રો (ઇન્ક્યુબેશન), WEstart (મહિલા સ્ટાર્ટ-અપ્સ) અને સંલગ્ન ફ્લેગશિપ કાર્યક્રમોના અમલીકરણ માટે જવાબદાર હશે.

- i-Hub PoC/પ્રોટોટાઈપ સ્ટેજ પછી ઇનોવેટર્સ/સ્ટાર્ટ-અપ્સને સમર્થન આપવા માટે વિવિધ ક્ષેત્રીય ઇન્ક્યુબેશન અને પ્રવેગક કાર્યક્રમોનું આયોજન કરવા માટે હબ તરીકે કાર્ય કરશે.

- રાજ્ય સ્તરની ફેબ લેબ/મેકર્સ લેબ i-Hub ખાતે બનાવવામાં આવશે,જે ઇનોવેટર્સ અને સ્ટાર્ટ-અપ્સને તેમના ઉત્પાદનના વિકાસમાં મદદ કરશે.

- ઉદ્યોગ, જાહેર સાહસો, નાગરિક સમાજ સંગઠનો, ઈનોવેશન અને સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહિત કરતી સંસ્થાઓ સાથે સંકળાયેલા વિવિધ ઓપન ઈનોવેશન પ્રોગ્રામ્સની કલ્પના અને અમલ i-Hub પર કરવામાં આવશે.

- સ્ટાર્ટ-અપ સૃજન સીડ સપોર્ટ-S4 (રૂ. ૨.૫ લાખ થી ૧૦ લાખ) એ એક મુખ્ય ઈન્ટરવેનશન હશે જે યોગ્ય ઇનોવેટર્સ અને સ્ટાર્ટ-અપ્સને તેમના ઇનોવેશનને આગળ વધારવા માટે ગ્રાન્ટ મેળવવામાં મદદ કરશે અને તેને i-Hub દ્વારા ચલાવવામાં આવશે. સરકારી અધિકારીઓ, એન્જેલ ઇન્વેસ્ટર, ઉદ્યોગ સાથે સંકળાયેલી વ્યક્તિઓ, ડોમેન નિષ્ણાતો અને સફળ સ્ટાર્ટ-અપ્સની બનેલી સ્ક્રીનીંગ કમિટી સમયાંતરે તેના માટેની દરખાસ્તોનું મૂલ્યાંકન કરશે.

- ઈનોવેશન ક્લબ અને અન્ય સંબંધિત પ્રોગ્રામ્સ દ્વારા પસંદ કરાયેલ ઈનોવેટર્સની Idea/PoC/ પ્રોટોટાઈપ સહાય માટે PMUને ભલામણ કરવામાં આવી શકે છે.

- દરેક PMU સંબંધિત ગ્રાન્ટીને સોંપવામાં આવેલા લક્ષ્યોને અમલમાં મૂકશે અને તેનું દેખરેખ નિયંત્રણ રાખશે.

### ૪.૨.૨ વ્યક્તિગત લાભાર્થીઓ

- PoC/ પ્રોટોટાઇપ/પ્રોડક્ટ/સ્ટાર્ટ-અપ વિકસાવવા માટે સ્પર્ધાત્મક ઑફરો દ્વારા કાચો માલ, જરૂરી સેવાઓ, ઘટકોની પ્રાપ્તિ.

- ગ્રાન્ટી અને PMU સાથે સમયાંતરે પ્રગતિ અહેવાલનું આદાન-પ્રદાન.

- વિચારને સફળ ઈનોવેશન અથવા ઉદ્યોગસાહસમાં ઢાળવા માટે શક્ય તેટલા શ્રેષ્ઠ પ્રયાસો કરવા.

- પોલિસીના લાભો મેળવવા માટે જારી કરાયેલ માર્ગદર્શિકા અને પ્રોટોકોલનું પાલન કરવું.

- તેમની સફળતાની યાત્રામાં પોલિસી સહાયને સ્વીકૃત કરવું.

## ૫. નાણાકીય સહાય માળખું

સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઇનોવેશન પોલિસી (SSIP ૨.૦) અંતર્ગત પોલિસીના સમયગાળા દરમ્યાન સ્ટુડન્ટ ઇનોવેશન ફંડ (SIF) અને ગ્રાન્ટી મેચિંગ ફંડ (GMF) બનાવવા માટે રૂ.૫૦૦ કરોડની જોગવાઈ કરેલ છે. રૂ. ૩૦૦ કરોડ (SIF) પોલિસીના સમયગાળા માટે રાજ્યના બજેટ દ્વારા જોગવાઈ કરવામાં આવશે, જ્યારે બાકીના રૂ. ૨૦૦ કરોડ (GMF) હાલના સંસાધનો જેમ કે યુનિવર્સિટીઓ/સંસ્થાઓના આંતરિક બજેટ, ખાનગી અને CSR ફંડ્સ અને અન્ય સ્ત્રોત દ્વારા એકત્રિત કરવામાં આવશે. ટેકનિકલ શિક્ષણ નિયામકની કચેરી હેઠળ ગુજરાત નોલેજ સોસાયટી (GKS) દ્વારા રૂ. ૬૦ કરોડનું વાર્ષિક અનુદાન પ્રાપ્ત થશે. આ ભંડોળ પોલિસીની જોગવાઈઓ અનુસાર ગ્રાન્ટી/PMU/લાભાર્થીઓ વચ્ચે વિતરિત કરવામાં આવશે. નીચે આપેલ કોષ્ટક PMU વચ્ચે પોલિસીના સમયગાળા માટે SIF નું વિતરણ દર્શાવે છે. SIF

જોગવાઈઓ અન્વયે ગ્રાન્ટીઓને ગ્રાન્ટ, PMU ઓપરેટિંગ ખર્ચ, રાજ્ય સ્તરીય કાર્યક્રમ, સ્ટાર્ટ-અપ સૃજન સીડ સપોર્ટ, ઓપન ઈનોવેશન પ્રોગ્રામ્સ, ઈન્ક્યુબેશન, એક્સેલરેશન અને ફ્લેગશિપ ઈનિશિયટીવ તરીકે વિતરિત કરવામાં આવે છે.

**PMUs માટે અંદાજપત્રીય જોગવાઈઓ** (રૂ. કરોડમાં)

| સદર | ટેકનિકલ શિક્ષણ | ઉચ્ચ શિક્ષણ | i-Hub | શાળા શિક્ષણ | કુલ |
|---|---|---|---|---|---|
| ગ્રાન્ટીઓને ગ્રાન્ટ | ૧૩૦ | ૪૨ | | ૩૩ | ૨૦૫ |
| PMU ઓપરેટિંગ ખર્ચ | ૧૦ | ૩ | ૫ | ૨ | ૨૦ |
| રાજ્ય કક્ષાના કાર્યક્રમ | ૧૦ | ૫ | | ૫ | ૨૦ |
| સ્ટાર્ટઅપ સૃજન સીડ સપોર્ટ | | | ૨૫ | | ૨૫ |
| ઓપન ઈનોવેશન પ્રોગ્રામ્સ | | | ૧૫ | | ૧૫ |
| ઈનક્યુબેશન, એક્સેલરેશન અને ફ્લેગશીપ ઈનિશિયટીવ | | | ૧૫ | | ૧૫ |
| **કુલ** | **૧૫૦** | **૫૦** | **૬૦** | **૪૦** | **૩૦૦** |

## ૫.૧ શૈક્ષણિક સંસ્થાઓને સહાય

પોલિસીની અંદાજપત્રીય જોગવાઈઓ દ્વારા ફાળવવામાં આવેલ ભંડોળના ૭૦%નો ઉપયોગ PoCs/ પ્રોટોટાઈપ્સ અને IP સહાય માટે કરવામાં આવશે. બાકીના ૩૦% ભંડોળનો ઉપયોગ કાર્યક્રમો, શિક્ષણશાસ્ત્રીય સુધારાઓ, કાર્યક્રમો, વિશેષ પ્રયાસો, પ્રી-ઈન્ક્યુબેશન/ઈન્ક્યુબેશન કેન્દ્રો, મૂળભૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અન્ય પ્રવૃતિઓ માટે ઉપયોગ કરી શકાય છે.

પોલિસી સમયગાળા માટે ગ્રાન્ટીઓને મહત્તમ નાણાકીય સહાય માટેની જોગવાઈ નીચે આપેલા કોષ્ટક મુજબ હોવી જોઈએ:

| ગ્રાન્ટીનો પ્રકાર | સ્ટુડન્ટ ઈનોવેશન ફંડ (SIF) | ગ્રાન્ટી મેચિંગ ફંડ (GMF) |
|---|---|---|
| સરકારી યુનિવર્સિટી | રૂ.૫ કરોડ | રૂ. ૨.૫ કરોડ |
| સરકારી સંસ્થા | રૂ. ૨ કરોડ | - |
| ખાનગી યુનિવર્સિટી | રૂ. ૧ કરોડ | રૂ. ૧ કરોડ |
| ખાનગી સંસ્થા | રૂ. ૧ કરોડ | રૂ. ૧ કરોડ |

સરકારી યુનિવર્સિટીઓ માટે, નીચે આપેલા કોષ્ટક મુજબ નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે પોલિસી ગ્રાન્ટ મંજૂર કરવામાં આવશે:

| સરકારી યુનિવર્સિટી સાથે વિદ્યાર્થી નોંધણીની સંખ્યા | પોલિસી સમયગાળા માટે મહત્તમ SIF ગ્રાન્ટ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૩ લાખ અને તેથી વધુ | ૫.૦ |
| ૧ લાખ થી ૩ લાખ | ૪.૦ |
| ૫૦ હજાર થી ૧ લાખ | ૩.૦ |
| ૫૦ હજાર સુધી | ૨.૦ |

## ૫.૨ વ્યક્તિગત લાભાર્થીઓને સહાય

પાત્રતાના માપદંડોને સંતોષતા વ્યક્તિગત લાભાર્થીઓ માટે આધાર અને નાણાકીય જોગવાઈઓ, નીચેના કોષ્ટક મુજબ છે.

| લાભાર્થી | સહાય |
|---|---|
| દરેક લાભાર્થી | • ટિંકરિંગ લેબ, ઈનોવેશન લેબ, ઈન્ક્યુબેશન સેન્ટર્સનો સંપર્ક<br>• વૈજ્ઞાનિક માનસિકતા વિકસાવવા માટે મોટા પાયે જાગરુકતા કાર્યક્રમો<br>• સામૂહિક/સામુદાયિક સ્તરની સપોર્ટ સિસ્ટમ અને પ્રવૃત્તિઓ<br>• ક્ષમતા નિર્માણ |
| ધોરણ ૯ થી ૧૨ | • PoC/ પ્રોટોટાઈપ/ઈનોવેશન દીઠ મહત્તમ રૂ.૨૦,૦૦૦ |
| ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ | • PoC/પ્રોટોટાઈપ/ઈનોવેશન દીઠ મહત્તમ રૂ.૨.૫ લાખ<br>• IP ખર્ચના ૧૦૦% સુધી સહાય |

# ૬. બૌદ્ધિક સંપદા અધિકાર (IPR) સહાય

કેન્દ્રીય કેબિનેટે રાષ્ટ્રીય બૌદ્ધિક સંપદા અધિકાર (IPR) પોલિસીને મંજૂરી આપી છે જે ભારતમાં IPR માટે ભાવિ રોડમેપ તૈયાર કરશે.

પોલિસી હેઠળ IPR વ્યુહરચના અંતર્ગત એકેડેમીયાને વિવિધ પ્રોત્સાહનો મળે છે. જેમાં નાણાકીય ગ્રાન્ટ પણ સામેલ છે.

તમામ લાભાર્થીઓ માટે પોલિસી હેઠળ જોગવાઈ કરાયેલ IPR સહાય નીચે કોષ્ટકમાં સૂચિબદ્ધ છે:

| IPRનો પ્રકાર | સહાયની જોગવાઈ (મહત્તમ) |
|---|---|
| પેટન્ટ્સ | રૂ.૭૫,૦૦૦ ડોમેસ્ટિક માટે,<br>રૂ.૧.૫ લાખ અન્ય દેશો માટે |
| કોપીરાઇટ્સ | રૂ.૮,૦૦૦ |
| ટ્રેડમાર્ક્સ | રૂ.૧૨,૫૦૦ |
| ઈન્ટરનેશનલ રજીસ્ટ્રેસન ઓફ માર્કસ | રૂ.૫૦,૦૦૦ |
| ઈન્ડસ્ટ્રીયલ ડિઝાઇન | રૂ.૯,૦૦૦ |
| પ્લાન્ટ વેરાયટી રજીસ્ટ્રી | રૂ.૩૩,૦૦૦ |
| સેમીકંડક્ટર ઈન્ટિગ્રેટેડ સર્કિટસ<br>લેઆઉટ ડિઝાઈન રજીસ્ટ્રી (SICLDR) | રૂ.૧૫,૦૦૦ |

રાજ્ય-સ્તરનું IP સુવિધા કેન્દ્ર (IPFC) i-Hub ખાતે કાર્ય કરશે, જે IP સંબંધિત પ્રવૃત્તિઓમાં ગ્રાન્ટી અને લાભાર્થીઓને મદદ કરવા માટે જવાબદાર રહેશે. i-Hub ઈનોવેટર્સ અને સ્ટાર્ટ-અપ્સ માટે મજબૂત IP સપોર્ટ સિસ્ટમ જાળવી રાખશે. સમયાંતરે PIC ની ભલામણના આધારે સ્ટેટ PMU દ્વારા IP સહાય માટે જરૂરી માર્ગદર્શિકા જારી કરવામાં આવશે. રાજ્યના શિક્ષણ વિભાગની આઈપી માર્ગદર્શિકા આ પોલિસી હેઠળ સમગ્ર શૈક્ષણિક સંસ્થાઓમાં અસરકારક રીતે લાગુ કરવામાં આવશે.

## ૭. દેખરેખ નિયંત્રણ અને મૂલ્યાંકન

- સ્ટેટ PMU અને અન્ય PMU વિતરીત કરાયેલ ગ્રાન્ટ માટે ગ્રાન્ટી અથવા લાભાર્થીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા ભંડોળની સમીક્ષા અથવા / અને તેની ચકાસણી કરી શકે છે.
- સ્ટેટ PMU દ્વારા PMUs અને ગ્રાન્ટીઓની કામગીરીનું મૂલ્યાંકન જાહેર કરવામાં આવનાર અમલીકરણ માર્ગદર્શિકા અન્વયે કરવામાં આવશે.
- એક ડિજિટલ ઈન્ટરફેસ વાસ્તવિક સમયમાં દરેક માઈલસ્ટોનનું દેખરેખ નિયંત્રણ કરવા માટે તમામ હિતધારકોને સંકલિત કરશે. નક્કી કરેલ KPIના સંદર્ભમાં મુખ્ય લક્ષ્યોની પ્રગતિ સમયાંતરે સાર્વજનિક કરવામાં આવશે.

- પોલિસી ઈમ્પ્લીમેન્ટેશન કમીટી (PIC) સમગ્ર પોલિસીના ઉદ્દેશ્યો અને તેના અમલીકરણની સમીક્ષા કરશે.
- જો કોઈ લાભાર્થી ઇચ્છિત પરિણામો પહોંચાડવામાં અસમર્થ જણાય, તો ગ્રાન્ટની વધુ ફાળવણી પર પુનર્વિચાર કરવામાં આવશે.
- પ્રથમ હપ્તા અને પછીના દરેક હપ્તા પછી ગ્રાન્ટની રિલીઝ પોલિસીના ઉદ્દેશ્યોના સંતોષકારક અમલીકરણ પર આધારિત હશે.
- સ્ટેટ PMU દ્વારા નામાંકિત ઉદ્યોગપતિઓ, ઇકોસિસ્ટમના હિસ્સેદારો, શિક્ષણવિદો, સ્ટાર્ટ-અપની બનેલી નિષ્ણાત સમિતિ, કાર્યની પ્રગતિની ખાતરી કરવા અથવા પોલિસીના અસરકારક અમલીકરણ માટે જો કોઈ મુશ્કેલીઓ આવે તો તેના નિરાકરણ માટે સમયાંતરે ગ્રાન્ટીઓની મુલાકાત લઈ શકે છે.
- પોલિસીના કાર્યોનો વાર્ષિક ઇમ્પેક્ટ અહેવાલ પ્રકાશિત કરવામાં આવશે અને તમામ હિતધારકો સાથે જાહેર કરવામાં આવશે.

## ૮. અર્થઘટન અને અસ્પષ્ટતા ઠરાવ

પોલિસીના અર્થઘટન અને/અથવા અમલીકરણને લગતી કોઈપણ અસ્પષ્ટતા અથવા મુશ્કેલી અથવા પ્રશ્નના કિસ્સામાં, સ્ટેટ-લેવલ એપેક્ષ કમીટી (SLAC) ની મંજૂરી સાથે પોલિસી ઈમ્પ્લીમેન્ટેશન કમીટી (PIC) નો નિર્ણય અંતિમ અને બધા માટે બંધનકર્તા રહેશે.

# સંક્ષેપાક્ષર

| | |
|---|---|
| **CSR** | કોર્પોરેટ સોશીયલ રીસ્પોન્સીબીલીટી |
| **GKS** | ગુજરાત નોલેજ સોસાયટી |
| **GMF** | ગ્રાંટી મેચિંગ ફંડ |
| **i-Hub** | ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન હબ |
| **IPFC** | ઈન્ટેલેક્ચ્યુયલ પ્રોપર્ટી ફેસીલીટેસન સેન્ટર |
| **IPR** | ઈન્ટેલેક્ચ્યુયલ પ્રોપર્ટી રાઈટસ |
| **KPI** | કી પર્ફોર્મન્સ ઈન્ડીકેટર |
| **MoU** | મેમોરેંડમ ઓફ અંડરસ્ટેન્ડીંગ |
| **MVP** | મિનીમમ વાયેબલ પ્રોડક્ટ |
| **NEP** | નેશનલ એજ્યુકેશન પોલિસી |
| **NISP** | નેશનલ ઈનોવેશન એન્ડ સ્ટાર્ટ-અપ પોલિસી |
| **PIC** | પોલિસી ઈમ્પલીમેન્ટેશન કમીટી |
| **PMU** | પ્રોજેકટ મેનેજમેન્ટ યુનીટ |
| **PoC** | પ્રૂફ ઓફ કન્સેપ્ટ |
| **SIF** | સ્ટુડન્ટ ઈનોવેશન ફંડ |
| **SLAC** | સ્ટેટ લેવલ એપેક્ષ કમીટી |
| **SOIC** | સ્ટુડન્ટ ઓપન ઈનોવેશન ચેલેન્જ |
| **SPMU** | સ્ટેટ પ્રોજેકટ મેનેજમેન્ટ યુનીટ |
| **SSIP** | સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન પોલિસી |

# ગ્રંથસૂચિ


૧. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦, માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર

૨. સ્ટાર્ટ-અપ ઈન્ડીયા, https://www.startupindia.gov.in/

૩. નેશનલ ઇનોવેશન એન્ડ સ્ટાર્ટ-અપ પોલિસી, ૨૦૧૯, માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર.

૪. સ્ટાર્ટ-અપ પોલિસી AICTE, ૨૦૧૬, ઓલ ઈન્ડીયા કાઉન્સીલ ફોર ટેકનિકલ એજ્યુકેશન, ભારત સરકાર https://www.aicte-india.org/downloads/Startup%20Policy.pdf

૫. સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઇનોવેશન પોલિસી (SSIP) ૨૦૧૭, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

૬. યુનિવર્સિટીઓ માટે SSIP ના અમલીકરણની માર્ગદર્શિકા શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

૭. સંસ્થાઓ/કોલેજો માટે SSIPના અમલીકરણની માર્ગદર્શિકા શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

૮. શિક્ષણિક સંસ્થાઓ માટે બૌદ્ધિક સંપદા માર્ગદર્શિકા, ૨૦૧૮, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

૯. https://aim.gov.in/

૧૦. https://www.igi-global.com/dictionary/higher-education-institution/13096

૧૧. https://www.i-scoop.eu/industry-4-0/

૧૨. વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF), https://www.weforum.org/

૧૩. https://www.wipo.int/portal/en/index.html

૧૪. https://www.wto.org/english/tratop_e/trips_e/intel1_e.htm


**નોંધ:-**

આ SSIP ૨.૦ પોલિસી બુકલેટનું ગુજરાતી ભાષાંતર માત્ર છે. સદર પોલિસીનો ઠરાવ અંગ્રેજીમાં થયેલ છે અને અંગ્રેજી ભાષાની બુકલેટ સર્વમાન્ય રહેશે.

શિક્ષણ વિભાગ

ગુજરાત સરકાર

નવું સચિવાલય, ગાંધીનગર